## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



ના હો... અમારી પાર્ટીએ અમને નફરત ફેલાવતા ભાષણ આપતાં શિખવ્યુ નથી... આ તો મારી વાઇફ મને નફરત કરે છે અને એ ભાષણ કરે તેમાંથી ઊદાહરણ લઉ છું.....!

# બિનવારસી કારમાંથી મળી આવેલા હથીયાર પ્રકરણમાં જીતેન્દ્ર પટેલ ઝડપાયો

**આરોપી સામે ૩ હત્યા સહિતના વિવિધ ગુનાઓ અમદાવાદમાં નોંધાયા છે, લોકડાઉન પહેલા મધ્યપ્રદેશથી હથીયાર મંગાવ્યા હતા, પોલીસે રૂ.૫ લાખથી વધુ નો મુદ્દામાલ કબ્જે કર્યો,**



ગાંધીનગર,તા.૯

ગાંધીનગરના સરગાસણ સ્વાગત એફોર્ડના બેઝમેન્ટમાંથી એક હ્યુન્ડાઈ વરના કાર બિનવારસી મળી આવી હતી. આ કારમાંથી દેશી બનાવટના બે તમંચા અને બે પિસ્ટલ, ત્રણ ખાલી મેગ્જીન, બારબોર રાયફલના કાર્ટીઝ, રીવોલ્વર-પિસ્ટલના મળી કુલ-૩૪૦ સહિત કુલ રૂ.૫.૨૮ લાખનો મુદ્દામાલ બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો. આ બિનવારસી કારમાંથી હથીયાર મળી આવતા ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

ત્યારે ઈન્ફોસીટી પોલીસ, એલસીબી અને એસઓજી પોલીસની વિવિધ ટીમોએ વિવિધ દીશામાં તપાસ આરંભી હતી. ત્યારે હથીયાર પ્રકરણમાં પોલીસે મુખ્ય આરોપી જીતેન્દ્ર પટેલને દબોચી લીધો છે. જયારે આરોપીએ લોકડાઉન પહેલા મધ્યપ્રદેશથી હથીયાર મંગાવ્યા હતા. જયારે જીતેન્દ્ર પટેલ સામે અમદાવાદમાં વિવિધ પોલીસ મથકમાં ગુના નોંધાયેલા હોવાનું ધ્યાને આવ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પોલીસે ગાડીના રજીસ્ટ્રશન નં. જી.જે.૦૧.આર.જે.-૫૭૦૨ ખોટો હોવાનુ સામે આવ્યું હતું. પોલીસે ગાડીના એન્જીન તેમજ ચેસીસ નંબર આધારે વધુ તપાસ કરતા ગાડીનો ઓરીજીનલ રજીસ્ટ્રેશન નંબર એમ.પી.૦૯-સી.આર.-૪૧૬૫ જણાયો હતો. પોલીસે ગાડીના માલિક સુરજીતસિંહ વિજયસિંહને બોલાવી પુછપરછ કરતા ગાડી પોતાની નહી હોવાનું જણાવ્યું હતું. ગાડીના ઓરીજીનલ નંબરના અંગે તપાસ કરતા આ ગાડી હાલ મેસર્સ ચોમુવાલા એન્ડ સન્સ રહેવાસી સુશીલ ગોયેલ મધ્યપ્રદેશના નામે હોવાની હકીકત જણાઈ હતી. જેથી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ ગુનાના કામે ગાડીમાંથી મળી આવેલ એક ધર્માદા સ્લીપ જેમાં જીતેન્દ્ર પટેલ લખ્યું છે. જે સ્લીપ અંગે તપાસ ચાલુ છે.

ગાડી નં. એમ.પી.૦૯.સી.આર.-૪૧૬૫ અંગે તપાસ કરતા વર્ષ ૨૦૧૭માં જીતેન્દ્ર પટેલ દ્વારા અમદાવાદ હ્યુન્ડાઈ સર્વિસ સ્ટેશન ખાતે સર્વિસ કરાવી હોવાના પુરાવા મળી આવ્યા છે. સ્વાગત એફોર્ડમાં જઈ તપાસ કરતા મકાન નં. ટી ૧૦૪ જીતેન્દ્ર બળદેવ પટેલ વર્ષ અગાઉ રહેતા હોવાનું અને મકાન તેની માલિકીનું હોવાનું જણાઈ આવેલ છે.જયારે હાલમાં ભાડુઆતને પુછતા તેણે મકાન જીતેન્દ્ર પટેલે એ ભાડે આપ્યું હોવાનું જણાવ્યું હતું.

જેથી પોલીસે જીતેન્દ્ર બળદેવભાઈ પટેલને પકડી પાડ્યો હતો. આરોપી સામે ત્રણ હત્યા સહિતના અનેક ગુના નોંધાયેલા છે. વર્ષ ૨૦૧૬માં તે અમદાવાદ સાબરમતિ જેલમાં હતો. ત્યારે મહારાષ્ટ્રના રાજુ ભાઉના સંપર્કમાં આવ્યો હતો. જે અમરાઈવાડી પોલીસ મથકમાં હત્યાના ગુનામાં જેલમાં હતો. આ ગુનામાં વપરાયેલ ગાડી વેચાણે આપેલ હોવાનું જણાવ્યું છે. જે અંગે કોઈ કાગળો થયા નથી.

### કોરોના પહેલા મધ્યપ્રદેશથી બે શખ્સો હથીયાર આપી ગયા હતા

કોરોના પહેલા મધ્યપ્રદેશના બે શખ્સો રાજાખાન છોટેખાન, અલીહસન ખાલીક કુરેશી (બંને રહે-ઈન્દોર મધ્યપ્રદેશ) અમદાવાદ આવી એક થેલામાં દેશી બનાવટની બે પિસ્ટલ અને બે તમંચા સહિત અલગ અલગ પ્રકારના કુલ -૩૪૦ કાર્ટીઝ આપી ગયા હતા. જે તેમના તેમ પોતે પોતાના ઉકત સ્વાગત એફોર્ડ ફલેટના બેઝમેન્ટ પાર્કિંગમાં વર્ના ગાડીની ડેકીમાં મુકેલા હતા.

બોક્ષ પોલીસે કબ્જે કરેલ મુદ્દામાલ

બાર બોર રાઈફળના બ્લેન્ક પ્લાસલ્ટીક ૭૦ એમએમ કાર્ટીજ ૫૭ નંગ, બારબોર રાઈફલના બ્લેન્ક પ્લાસ્ટીકના૭૦ એમએમ કાર્ટીજના ૫૦ નંગ, રીવોલ્વર પોઈન્ટ૩૮ એમએમ કાર્ટીજ ૧૮ નંગ, રીવોલ્વરના પોઈન્ટ ૮ એમએમ કાર્ટીજ ૭ નંગ, રીવોલ્વરના પોઈન્ટ ૭.૬૫ એમએમ કાર્ટીજ નંગ-૭૫ રીવોલ્વર પોઈન્ટ ૩૨ એમએમ બ્લેન્ક કાર્ટીજ ૨ નંગ, પીસ્ટલના ૯ એમએમના બ્લેન્ક કાર્ટીજ ૨૭, દેશી બનાવટની કાળા કલરની મેગીઝીન સાથેની પિસ્ટલ, દેશી બનાવટની લાકડાવાળી પિસ્ટલ, દેશી બનાવટના બે તમંચા, પિસ્ટલના ૩ ખાલી મેગ્જીન, ૪ પેઈન ડ્રાઈવ, મેમરી કાર્ડ, કાર્ડ રીડર, અને કાર સહિત રૂ. ૫ લાકનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

## નાંદોલ ગામે શ્રી રામાપીર મહારાજનો પ્રથમ પાટોત્સવ



ચિલોડા, તા. ૯

દહેગામ તાલુકાના નાંદોલ ગામે શ્રી રામાપીર મહારાજનો પ્રથમ પાટોત્સવનું વૈશાખ વદ ત્રીજના સોમવારના દિવસે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં યજમાનપદે દિલિપસિંહ બી. ઠાકોર તેમજ આચાર્યપદે શાસ્ત્રીજી રોહિતભાઈ દવે શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે પાટોત્સવનું ધાર્મિકવિધિ સંપન્ન કરાઈ હતી. આ મહોત્સવમાં યજ્ઞનો પ્રારંભ સવારે ૯.૧૫ કલાકે કર્યો હતો. તેમજ શ્રીફળ હોમવાનો સમય ૫ કલાકે પૂર્ણ કર્યો હતો. સાંજે ૭ કલાકે સર્વે રામાપીર મહારાજના યજ્ઞ દર્શન કરીને ક્ષત્રિય સમાજના સર્વે ભાઈ બહેનોએ આયોજિત ભાવિક ભક્તજનોએ અવસરનો વિશેષ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ મહોત્સવમાં ભક્તો દ્વારા ધ્વજારોહણવિધિ સંપન્ન કરવામાં આવી હતી.

## ખૂણેખાંચરેથી

● આજે સવારથી પોષ્ટ અને રેલ્વે રિઝર્વેશનનું સર્વર ડાઉન હોવાથી ગ્રાહકો પરેશાન થયા હતા.

● ગાંધીનગર-અરવલ્લી જિલ્લાના ભાજપના આગેવાનોની એક બેઠક કમલમ્ કોબા ખાતે લોકસભાની આવી રહેલી ચૂંટણી સંદર્ભે મળી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ શાખાના કાર્યપાલક ઈજનેર માટે સરકારે નવી ગાડી ફાળવી છે જે આજે પંચાયતની કચેરીએ આવી પહોંચી હતી.

● પ્રધાનમંત્રીના ગાંધીનગરના ૧૨મીના પ્રવાસને લઈ આજે જિલ્લાતંત્રમાં બેઠકોનો ધમધમાટ જોવા મળ્યો હતો.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં સતત ચોથા દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો પારો સતત વધી રહ્યો હોવાથી વીજમાંગ પણ વધી જવા પામી છે.

● દહેગામના પીપલજ ગામેથી દારૂ ઝડપાયો.

● માણસાના ચૌધરી સંકુલના નવિન હોલમાં વિસરાતા સૂપની સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ.

● શ્રીરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે. ૨૧ ખાતે પાણીના કુંડાનું વિતરણ કરાયુ હતુ.

● દહેગામ તાલુકાના નાંદોલ ગામે રામાપીર મંદિરે પ્રથમ પાટોત્સવનું આયોજન કરાયુ હતુ.

● લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરાયુ હતુ.

● માણસા નગરપાલિકાના વિવિધ વિકાસ કામોની ખાતવિધિ ધારાસભ્ય જે.એસ. પટેલના હસ્તે કરવામાં આવી છે.

● ગલથરા ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા સમુહ લગ્ન યોજાયા હતા.

● ગાંધીનગર શહેરમાં સચિવાલય તેમજ જિલ્લાની કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યા ઘટી જવા પામી છે.

● ગાંધીનગર શહેરમાં શ્રીખંડ અને કેરીના તૈયાર રસની ડિમાન્ડ વધવા પામી છે.

● ગાંધીનગર શહેરના ગ્રામ્ય વિસ્તારમાં સબસ્ટેશનો મરામત હેઠળ આવતા હોવાથી વીજ પુરવઠો ખોરવાયો હતો.

● ગાંધીનગર શહેરમાં મેટ્રો રેલ કામ હાલ પૂરજોશમાં ચાલી રહ્યુ હોવાથી ઠેર ઠેર માર્ગો બંધ થતાં બધાને ફરી અને જવાની તકલીફો પડી રહી છે.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટની ફરિયાદો વધી જવા પામી છે.

● શહેરના નવા સેક્ટરોના ઘણા વિસ્તારોમાં નિયત સમય કરતાં અર્ધો કલાક વહેલા પાણી પુરવઠો બંધ થઈ જતાં પરિવારો પરેશાન થયા હતા.

● મનપાના મેડિકલ ઓફિસરોની આજે માસિક સમીક્ષા બેઠક યોજાઈ હતી.

# પેથાપુર પાસે યુજીવીસીએલના ૮ વિજપોલ તોડી નાંખતા ટ્રક ચાલક સામે ફરીયાદ

**યુજીવીસીએલને રૂ.૧ લાખનું નુકશાન થતા ફરીયાદ નોંધાઈ**

ગાંધીનગર, તા.૯

પેથાપુર-મહુડી માર્ગ પર મારૂતિ એન્ડ શ્લોક ગૃપની નવી બની રહેલી સાઈટ પર રેતી ખાલી કરવા આવેલા ડમ્પર ચાલકે ટ્રોલી ઉંચી રાખી વિજલાઈનના ભારે દબાણની લાઈનના ૮ વિજપોલ ધરાશાયી કરી દીધા હતા. જયારે વિજપોલની સાથે વિજતારો પણ તોડી નાંખી વિજ કંપનીને રૂ.૧ લાખનું આર્થિક નુકશાન કરતા યુજીવીસીએલના નાયબ ઈજનેરે ડમ્પર ચાલક સામે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સબ ડીવીઝન ખાતે નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા મુકેશભાઈ લાલજીભાઈ ચૌધરી સેકટર-૧૯ પ્લોટ નં.૧૩૨-૧૦ માં પરિવાર સાથે રહે છે. ગત તા.૫ મે ના રોજ સવારના આઠ વાગે યુજીવીસીએલ ગાંધીનગર સબ ડીવીઝન નાઈટ ડ્યુટીના ઈલેક્ટ્રીક આસીસ્ટન્ટ એમ.પી.સેનમાએ ફોન કરી જાણ કરી હતી કે પેથાપુર મહુડી માર્ગ પર સિદ્ધેશ્વરી ગ્રીન રહેણાંક સ્કીમની સામે મારૂતિ એન્ડ શ્લોક ગૃપની નવી બની રહેલી સાઈટમાં રેતીના કામ અર્થે આવેલા ડમ્પર નં.જી.જે.૧૮.એ.ઝેડ.-૦૬૧૫ ચાલકે વહેલી સવારે ૪.૪૫ વાગે ડમ્પરની હાઈડ્રોલીક ટોલી ઉંચી રાખી ૧૧ કે.વી. પાલૈયા જે.જી. વાય.ફીડરના ૮ નંગ ભારે દબાણની લાઈનના થાંભલા અને તેના ઉપરના મટીરીયલ્સ અને લાઈનના વીજતારો તોડી નાંખી નુકશાન કર્યું છે. જેથી નાયબ ઈજનેર મુકેશ ચૌધરી તાત્કાલીક બનાવની જગ્યા પર ટીમ સાથે ગયા હતા. તેઓએ તપાસ કરતા જે.જી.વાય ફીડરના ૮ થાંભલા અને વીજતારો તુટેલા હાલતમાં હતા. જેથી વિજપુરવઠો બંધ હાલતમાં હતો.ત્યારે ડમ્પર ચાલકે હાઈડ્રોલીક ટ્રોલી ઉંચી રાખી વિજતાર અને ૮ વિજપોલ તોડી નાંખી વિજ અકસ્માત થાયે તેવી સ્થિતિનુ નિર્માણ કરી યુજીવીસીએલ કંપનીને રૂ.૧ લાખનું નુકશાન કરતા ડમ્પર ચાલક સામે ફરીયાદ નોંધાઈ છે.



ગાંધીનગરથી એફએસએલની ટીમ આજે હાટકેશ્વર બ્રિજનુ ચેકિંગ કરવા આવી હતી

# ઈન્ફોસીટી ખાતે પૈસાની લેતી દેતી મુદ્દે માથાકુટ : એક યુવકે પિસ્ટલ કાઢતા દોડધામ

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર ઈન્ફોસીટી ખાતે ગઈરાત્રીના રોજ રૂપીયાની લેતી દેતીમાં બે જુથ વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. બે જુથ વચ્ચે છુટા હાથની મારા મારી ચાલી રહી હતી તે દરમિયાન અન્ય નાગરીકો પણ ભયભીત બન્યા હતા. તે સમયે અચાનક એક યુવકે પિસ્ટલ કાઢી સામે રહેલા યુવકો સામે તાકતા હોહા મચી ગઈ હતી. ઈન્ફોસીટી પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિત મુજબ ઈન્ફોસીટી ખાતે રાત્રીના આઠ વાગ્યાની આસપાસ ટી સ્ટોલ પાસે કેટલાક યુવકો બેઠા હતા. તે દરમિયાન અચાનક બે જુથ વચ્ચે મારમારી થઈ હતી. યુવકોના બે જુથ વચ્ચે મારામારી થતા સ્થાનિક વેપારીઓમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો.જયારે નાગરીકોમાં દોડધામ મચી ગઈ હતી. આ મારામારી ચાલી રહી હતી તે સમયે અચાનક વાસણ મહાદેવ ગામના જયપાલ વાઘેલા નામના શખ્સ ઈન્ફોસીટી પહોંચી ગયો હતો. તેને પોતાની પાસેની પિસ્તોલ બહાર કાઢી ને સામે ઉભા રહેલા યુવકો પર તાકી હતી.જેથી રંગપુરના યુવકો જીવ બચાવવા માટે નાસી ગયા હતા. બનાવની જાણ થતા ઈન્ફોસીટી પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ત્યારે પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રંગપુર અને વાસણીયા મહાદેવ ગામના યુવકો વચ્ચે પૈસાની લેવડ-દેવડ અંગે માથાકુટ થઈ હતી. ૧૫ હજાર રૂપીયાના વ્યવહારમાં માત્ર ૩ હજારની ઉઘરાણીમાં આ યુવકો વચ્ચે છુટાહાથની મારામારી થઈ હતી. ત્યારે વાસણ ગામના જયરાજસિંહ વાઘેલાએ અચાનક પિસ્તોલ કાઢીને તાકી યુવકોને મારી નાંખવાની ધમકી આપતા ભાગદોડ થઈ હતી. ત્યારે મેઈડ ઈન તાઈવાનની પિસ્તોલ મોંઘીદાટ હોવાનુ સામે આવ્યું છે. બનાવ અંગે રંગપુરના રવિરાજસિંહ ચાવડાએ ઈન્ફોસીટી પોલીસ મથકે વાસણ ગામના જયરાજસિંહ વાઘેલા, દિગ્વિજયસિંહ વાઘેલા અને નીરજસિંહ વાઘેલા સામે ગુનો નોંધાયો છે.

# રૂપાલ ગામે બાજી માંડીને બેઠેલા ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના રૂપાલ ગામે દરબાર વાસ પાસે આવેલી ખુલ્લી જગ્યામાં બપોરના સમયે કુંડાળુ વળી બાજી માંડીને બેઠેલા ૬ જુગારીઓને પેથાપુર પોલીસે દબોચી લીધા છે. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૩૬૦૦ તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૨૭,૯૦૦ મળી કુલ રૂ.૩૧,૫૦૦ ના મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે રૂપાલ ગામે વરદાયીની માતાજીના મંદિર પાસે આવતા ખાનગી રાહે બાતમી મળી હતી કે રૂપાલ ગામે દરબાર વાસ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમે છે.જેથી પોલીસે દરોડો પાડી ૬ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસને જોઈ જુગારીઓમાં દોડાદોડી થઈ ગઈ હતી.પરંતુ પોલીસે તમામ ને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસે તેમના નામ પુછતા રૂપાલ ટીંબાવાળો વાસ ખાતે રહેતા ૫૭ વર્ષિય દશરથજી મંગાજી ઠાકોર, રૂપાલ મોટો માઢ ખાતે રહેતા ૫૩ વર્ષના મુકેશકુમાર ચીમનલાલ પટેલ, ગામના માતાવાળા વાસ ખાતે રહેતા ૪૮ વર્ષિય ચંદનસિંહ વજાજી ચાવડા, ચોકારી દરબારવાસ ખાતે રહેતા ૩૬ વર્ષિય વિજયસિંહ રણજીતસિંહ ચાવડા, ગામના રાવળવાસની બાજુમાં રહેતા ૬૨ વર્ષના પશાભાઈ બાબરભાઈ પરમાર, ચોકારી દરબાર વાસ ખાતે રહેતા ૫૦ વર્ષના મનુજી કચરાડી ચાવડા હોવાનું જણાવ્યું હતું. પોલીસે દાવ અને અંગજડતી દરમિયાન કુલ રૂ.૩૧,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## પ્રાકૃતિક ખેતી તાલીમ અંતર્ગત લીંબડીયા ગામે ખેડૂત તાલીમ

ગાંધીનગર,તા.૦૯

૧૦ ગામ પંચાયત દીઠ કલસ્ટર બેઝ પ્રાકૃતિક ખેતી તાલીમ અંતર્ગત લિબડીયા ગામે ખેડૂત તાલીમ યોજવામાં આવી.

જેમાં ખેતીવાડી વિભાગ માંથી પ્રકાશભાઈ દેસાઈ ગ્રામસેવક,પાકૃતિક કૃષિ સંયોજક રમેશભાઈ પટેલ, માસ્ટર ટ્રેનર મનુભાઈ પટેલ, આત્મા માંથી નટુભાઈ સુતરિયા તેમજ મોટી સંખ્યા માં ખેડૂતો હાજર રહ્યા, તાલીમ માં ગાય આધારિત પાકૃતિક ખેતી ની સમજ આપવામાં આવી.



### કલોલના આર્ય પટેલને ઇન્ડિયા ટેક્વોન્ડો ઓપન નેશનલ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ



ગાંધીનગ ટેકવોન્ડો એસોસિયન દ્વારા નાસિક ખાતે તાજેતર માં યોજાયેલ ઈન્ડિયા ટેક્વૉન્ડો ઓપન નેશનલ ચેમ્પિયનશિપ માં આર્ય કેયુરભાઈ પટેલ ગોલ્ડ મેડલ જીતીને વિજેતા થયા હતાં. જેમને ચિફ કોચ અજય જાડેજા દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જીત બદલ ટેકનિકલ ડાયરેક્ટર જતીન દવે તથા હોન.ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાની એ વિજેતા ખેલાડીને અભિનંદન પાઠવ્યા હતાં.



સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસ.ડી .આર્ટસ અને શાહ બી.આર. કોમર્સ કોલેજ માણસાના અનુસ્નાતક વિભાગના અર્થશાસ્ત્ર વિષયની વિદ્યાર્થીની ચિ. ઠાકોર હેતલબેન ભુપતજી ના આજે શુભ લગ્ન હોવા છતાં હેતલબેન તેમના લગ્ન પતાવીને પરીક્ષાને મહત્વ આપીને પોતાની ફરજ નિભાવે હતી અને પરીક્ષા આપી હતી.ખૂબ પ્રગતિ કરે તેવી સમગ્ર કોલેજ પરિવાર તરફથી શુભકામના અને શુભેચ્છાઓ પાઠવી હતી.